ગાંધીનગર સમાચાર
તા. ૨૪-૪-૨૦૧૫, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

### ગજેન્દ્રની જાહેર આત્મહત્યા રાજકારણીઓને ખુલ્લાં પાડે છે

સંસદભવન નજીક જંતરમંતર મેદાનમાં રાજસ્થાનના ખેડૂત ગજેન્દ્રસિંહ કલ્યાણવતના આપઘાત પાછળ એનાં કૌટુંબિક કારણો પણ હતાં. ખેતી નિષ્ફળ જતાં એને એના બાપે કાઢી મૂક્યો હોવાનું એણે જાતે જ સ્યુસાઇડ નોટમાં જણાવેલું છે. રાજય સરકાર કે કેન્દ્ર સરકાર એક એક ખેડૂતના જીવનની જવાબદારી તો કેવી રીતે લઇ શકે? એ માટે એક પ્રસ્તાપિત પ્રશાસન પ્રણાલી છે જ. એ મુજબ ખેતીના નુકસાન પેટે સર્વેક્ષણ થાય અને સરકાર તરફથી નિયમ મુજબનું વળતર ચુકવાય ત્યાં સુધી રાહ જોવાની પણ ગજેન્દ્રસિંહ જેવા સંવેદનશીલ બલકે સનકી ખેડૂતો રાહ જોવા તૈયાર ન હોય તો આવી મૃત્યુઘટનાઓનો સિલસિલો ભાગ્યે જ રોકી શકાશે. જો કે ગજેન્દ્રસિંહને મરતો બચાવી શકાયો હોત કારણ કે હકીકતમાં એ મરવા માટે નહીં પણ મરવાની ધમકી આપી સરકારને આંચકો આપવાના ઇરાદાથી જ જંતરમંતર આવ્યો હોય એવું લાગ્યા વગર રહેતું નથી. મરવું જ હોત તો એ બીજા ખેડૂતોની જેમ પોતાના ઘર-ખેતરમાં પણ મરી શક્યો હોત. પરંતુ જે રીતે સજીધજીને, રજવાડી પાઘડી બાંધીને પહોંચ્યો હતો એમાં મરવાં કરતાં મરવાનું નાટક કરવાનો ઇરાદો હોય એવું જ લાગે. એની સ્યુસાઇડ નોટ પણ હકીકતમાં નોટ નથી - એણે તો વતનમાં પાછા કઇ રીતે જવું, એનો જવાબ માગ્યો હતો. કેજરીવાલ અને કુમાર વિશ્વાસે એને ઝાડ પર ચડેલો જોયો - એને નીચે ઊતારવા અપીલ પણ કરી, પણ એને નીચે ઉતારવા એવડી મોટી ખેડૂત રેલી કે આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓની સભામાંથી કોઇ માઇનો લાલ ઝાડ પર ન ચડ્યો. બલકે સેંકડોની સંખ્યામાં હાજર દિલ્હી પોલીસના જવાનો કે અધિકારીઓમાંથી પણ કોઇના પેટનું પાણી હાલ્યું નહીં. મીડિયાને પણ મરી રહેલા મજબૂર માનવીની વીડિયો ઉતારવામાં જ રસ હતો. આખરે એ મરી ગયો તે પછી એને હોસ્પિટલમાં ખસેડાયો અને એ પછી પણ કેજરીવાલ આણિ કંપનીની ભાષણબાજી ચાલુ રહી. એમણે બધો દોષનો ટોપલો ભાજપના ઇશારે વર્તતી દિલ્હી પોલીસના શિરે ઢોળવાનો જ પ્રયાસ કર્યો. પોતાની કે પોતાના કાર્યકરોની પણ કોઇ ફરજ બનતી હતી, એટલું એ સ્વીકારી નથી શક્યા. ચાલુ સભાએ મસ્જિદમાં અજાન સાંભળી ભાષણ થંભાવી દેવા ટેવાયેલા આવા નેતાઓને મન ખેડૂતોના જીવનની જાણે કશી કિંમત જ નહોતી. વડાપ્રધાને મરનાર ખેડૂતના આપઘાત પર દિલસોજી વ્યક્ત કરી અને ગૃહમંત્રીએ તપાસ આપી દીધી. વડાપ્રધાનની આવી દિલસોજી કે આખો દેશ દુખિયારા ખેડૂતોની સાથે હોવાનું નિવેદન પણ નરી તિકડમબાજી જ છે. રાહુલ ગાંધીએ મરનારની લાશનાં દર્શન કરીને લાઇમલાઇટમાં આવવાની તક ઝૂંટવી લીધી અને હવે દૌસાના સાંસદ તથા રાજસ્થાન પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ ગજેન્દ્રસિંહની સ્મશાનયાત્રામાં જોડાવા દોડી ગયા છે. ખેડૂતોએ જીવવા માટે સરકારનું શરણું લેવું પડે તે પણ જાહેરસભામાં પોલીસ અને ખેડૂત કાર્યકરો તથા નેતાઓની હાજરીમાં એક ખેડૂત ઝાડ પર લટકી પડે - એટલી જ શરમજનક ઘટના છે. સરદારની આભ ઊંચી પ્રતિભા ઊભી કરવાનું ગૌરવ લેનારી પાર્ટી અને કેન્દ્ર સરકારે ખેડૂતોના પ્રશ્ને જરા વધુ સંવેદનશીલ બનવું જોઇએ એવું નથી લાગતું? ક્યારેક સરદાર પટેલે હાકોટો કરીને કહ્યું હતું કે આ દેશમાં છાતી કાઢીને જીવવાનો હક ફક્ત ખેડૂતને હોવો જોઇએ, કારણ કે અ એ ધરતી ફોડીને અનાજ પેદા કરી દેશની પ્રજાને જીવાડે છે.

# આર્ટ ઓફ લીવીંગ દ્વારા સ્વાસ્થ્યપ્રદ આર્યુવેદિક રસોઈ શિબિરનું આયોજન

**તા. ૫મે મેથી પાંચ દિવસ માટે શિબિર યોજાશે : શિબિરમાં બે બેચનો સમાવેશ : તેલના ઉપયોગ વગર રોજીંદી રસોઈ બનાવવાનું શિખવાડાશે : વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધાશે**

સ્વાસ્થ્ય માટે ઘણી બધી બાબતો અસર કરતી હોય છે જેમાં યોગ્ય ભોજન ખૂબ જ અગત્યની બાબત ગણાય છે. ખોરાક એ માત્ર સ્વાસ્થ્ય જાળવવાની પ્રક્રિયામાં મદદ નથી કરતો પણ શરીરમાં સંતુલિતતાની પુનઃ સ્થાપના કરે છે. આર્ટ ઓફ લીવીંગના ગાંધીનગર એકમ દ્વારા સ્વાસ્થ્યપ્રદ છતાં સ્વાદિષ્ટ આર્યુવેદિક રસોઈ પધ્ધતિ અંગે પાંચ દિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિર તા. ૫મી મેથી ૯મી મે દરમિયાન ધોળેશ્વર મહાદેવ રોડ પર સ્વામિનારાયણ ધામ પાસે શિલ્પશ્રી સોસાયટીમાં બંગલા નં. ૨ ખાતે યોજવામાં આવેલ છે. આ શિબિરમાં બે બેચ ચલાવવામાં આવશે જેમાં પ્રથમ બેચ બપોરે ૩ થી ૫.૩૦ અને બીજી બેચ સાંજના ૭ થી ૯.૩૦ના સમયગાળામાં ચલાવાશે.

આર્યુવેદિક રસોઈનો ઉદ્દેશ વ્યકિતના સ્વાસ્થ્યને વધારવાનો અને જાળવવાનો હોય છે. સંતુલિત ભોજન એ સ્વાસ્થ્ય વર્ધન તેમજ વ્યકિતની પ્રકૃતિ મુજબ વાત, પિત્ત અને કફ જેવા દોષોને સંતુલિત કરે છે. આ શિબિરમાં તેલના ઉપયોગ વગર રોજબરોજની રસોઈ કેવી રીતે બનાવવી, વાત-પિત્ત-કફ દોષો દૂર કરતી રસોઈ અને પાંચેય ઈન્દ્રિયોને સંતોષ આપે તેવી રસોઈ શીખવવામાં આવનાર છે. આયુર્વેદિક રસોઈ શીખવવા માટે મુંબઈના પ્રશિક્ષક પ્રીતિબેન ત્રિવેદી તેમની સેવાઓ શિબિરાર્થીઓને આપશે. સમગ્ર શિબિર દરમિયાન ૨૦ થી ૨૫ રેસીપી જેમાં સૂપ, જયુસ, કેક, પુડીંગ, પાસ્તા, હળવો નાસ્તો અને રોજબરોજની રસોઈ શિખવાડવામાં આવશે. આ શિબિરમાં મર્યાદિત સભ્યો લેવાના હોઈ ભાગ લેવા વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધાવવાનું રહેશે. નામ નોંધાવવા માટે આર્ટ ઓફ લીવીંગના પ્રશિક્ષક સુરેશભાઈ પરમારનો સેકટર-૧૧ ખાતે મેઘમલ્હાર કોમ્પ્લેક્ષના બીજા માળે સંપર્ક સાધવા જણાવાયું છે.



વિશ્વ પુસ્તક દિવસ - આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ઉજવાતા વિશ્વ પુસ્તક દિને નગરના પુસ્તકાલયો વાચકોથી છલકાયા હતા. વાંચનાલયો અને પુસ્તકાલયોમાં આજકાલ વિદ્યાર્થીઓની સંખ્યા નોંધપાત્ર રહે છે....

## પ્રેરણા વિદ્યાલયમાં વિશ્વ પુસ્તક દિન ઉજવાયો

પ્રેરણા વિદ્યાલયમાં વિલયમ શેકસપિયરની જન્મતિથિ નિમિત્તે વિશ્વ પુસ્તક દિનની ઉજવણી કરવામાં આવી. પુસ્તક દિન નિમિત્તે વિદ્યાર્થીઓમાં પુસ્તકનું વાંચન કરવાથી તેમનું શબ્દભંડોળ વધે તેમજ સાથે સાથે જ્ઞાન અને મૌલિકતા વધે તે માટે શાળાની લાયબ્રેરીમાં પુસ્તકોના વાંચન માટેનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વાંચનમાં વિદ્યાર્થીઓ, શિક્ષકોએ રસપૂર્વક પુસ્તકોનું વાંચન કર્યું હતું.

આચાર્યશ્રી મનીષભાઈ ખત્રીએ વિદ્યાર્થીઓને પુસ્તક વાંચન કરવાથી મહત્વ વધે છે. આંતરિક શકિતઓ ખીલે છે તથા જ્ઞાનમાં વધારો થાય છે.

## વનશ્રી દ્વારા વિશ્વ ધરતી દિવસની ઉજવણી

વનશ્રી ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા વિશ્વ ધરતી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ટ્રસ્ટના સભ્યો દ્વારા પંડિત દીનદયાલ યુનિવર્સિટીના પટાંગણમાં ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ કોલેજ પરિસરમાં ૧૦૦ જેટલા ચકલીના માળા લગાવવામાં આવ્યા હતા. અને પક્ષી પરબ બનાવી હતી. કાર્યક્રમનું પીડીપીયુ સ્ટાફ અને કોલેજના વિદ્યાર્થીઓ સહભાગી થયા હતા. સેક્ટર-૪ સ્થિત ગોગા મહારાજ મંદિરે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

## હરિની દૃષ્ટિ...




ભાઈ સાહેબ, તમને ગમે તે તકલીફ હોય... પણ અમે પ્રધાનમંત્રી રાહત ફંડમાંથી તમને રાહત ન આપી શકીએ...!!

## સંસ્કાર ગૃપ ગાંધીનગર દ્વારા ધરતી દિવસે ક્વિઝ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૩

સંસ્કાર ગૃપ ગાંધીનગર દ્વારા વિશ્વ ધરતી દિવસ મનાવવામાં આવ્યો હતો. ધરતી માતાનું ઋણ માનવી ઉપર રહેલું છે. ધરતીની રક્ષા કરવાના સંકલ્પ સાથે પ્રાર્થના, પૂજા-અર્ચના, દિપ વંદના કરવામાં આવી હતી. આ પ્રસંગે ક્વિઝ સ્પર્ધા યોજવામાં આવી હતી.

જેમાં સંસ્કાર ગૃપના બાળકો અને વાલીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પ્રથમ ક્રમે ભાવિન ભટ્ટી, બીજા ક્રમે દિવ્ય પટેલ, ત્રીજા ક્રમે નંદીની પટેલ આવ્યા હતા. વાલીઓમાં પ્રથમ બ્રિજેશ પટેલને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. પ્રથમ ત્રણ સ્થાને આવનાર બાળકો અને વાલીઓને પર્યાવરણલક્ષી પુસ્તકો ભેટ આપવામાં આવ્યા હતા. ત્યાર બાદ વિવિધ રમતો રમાડવામાં આવી હતી. કાર્યક્રમને ગણપતભાઈ પ્રજાપતિ, શૈલેષ વ્યાસ સહિતના સભ્યોએ સહભાગી થઈ સફળ બનાવ્યો હતો.

# સરકારી યુનિવર્સિટીઓમાં પરીક્ષાલક્ષી કામગીરીનું સીસીટીવી દ્વારા મોનિટરીંગ

ગાંધીનગર, તા.૨૩

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે રાજયની સરકારી યુનિર્વસિટીઓમાં પરિક્ષાઓ, પ્રેકટીકલ તેમજ મૌખિક કસોટી-વાઈવાની સમગ્ર પ્રક્રિયાનું સીસીટીવી મોનિટરીંગ કરવાનું પ્રેરક સૂચન કર્યુ છે.

મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને આજે ગાંધીનગરમાં રાજય સરકારની ૧૪ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલરશ્રીઓ તથા શિક્ષણ વિભાગની સંયુકત બેઠક ઉચ્ચ શિક્ષણમાં કવોલીટીટીવ ચેઈન્જ અને શિક્ષણ માળખાને સુગ્રથિત કરવાના વિચાર-મંથન માટે મળી હતી.

રાજયમંત્રી પ્રો. વસુબહેન ત્રિવેદી તથા વરિષ્ઠ સચિવશ્રીઓ અને ગુજરાત, ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, ભાવનગર, વિદ્યાનગર, જી.ટી.યુ., આંબેડકર ઓપન યુનિવર્સિટી તથા ચિલ્ડ્રન યુનિવર્સિટી અને ટીચર્સ એજયુકેશન યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલરો આ બેઠકમાં જોડાયા હતા.

શ્રીમતી આનંદીબહેન પટેલે સ્પષ્ટપણે જણાવ્યું કે, યુનિવર્સિટીઓએ પ્રવેશ, પરિક્ષા અને પરિણામ આ ત્રણેય બાબતોને કેન્દ્રસ્થાને રાખીને ઓનલાઈન કોમ્પ્યુટર ટેકનોલોજી તેમજ સી.સી. ટીવી મોનિટરીંગનો ઉપયોગ-વ્યાપ કરવો જ જોઈએ. આના પરિણામે ગેરરિતીઓ-ગૈરવાજબી તૌર તરીકા દૂર થશે અને પારદર્શી-ગતિશીલ પધ્ધતિએ ઉચ્ચશિક્ષણ સંસ્થાઓની વિશ્વસનીયતા વધશે તેવો મત પણ તેમણે દર્શાવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ કહયું કે, ટેકનોલોજીનો વિનિયોગ કરીને દરેક યુનિવર્સિટીઓમાં એવી પધ્ધતિ વિકસાવીએ કે વાઇસ ચાન્સેલર સ્વયં યુનિવર્સિટી ભવનોની હરેક પ્રવૃતિઓનું નિરીક્ષણ કરી શકે. આ સંદર્ભમાં તેમણે અધ્યાપકો દ્વારા પેપર તપાસવાની તેમજ પી.એચ.ડી. ગાઇડસની પ્રવૃતિઓનું પણ આ પ્રકારે મોનિટરીંગની તાકિદ કરી હતી.



તેમણે યુનિવર્સિટીઓમાં જૂના મકાનોની મરામત માટે રાજય સરકારે રૂ. ૧૦૦ કરોડ સુનિશ્ચિત થયા છે તે એક માસમાં ફાળવી આપવા વિભાગને સૂચન પણ કર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રીએ વાઇસ ચાન્સેલરોને પોતાના કાર્યક્ષેત્રની કોલેજોની સરપ્રાઇઝ વિઝીટ કરીને અધ્યાપકોના વર્કલોડ, વિદ્યાર્થીની સંખ્યા-હાજરી જેવી બાબતો પર ધ્યાન કેન્દ્રીત કરવા જણાવ્યું હતું.

પ્રારંભમાં ઉચ્ચ શિક્ષણ અગ્રસચિવશ્રી મૂકેશ પૂરીએ પ્રેઝન્ટેશન દ્વારા રાજયના ઉચ્ચ શિક્ષણનું ચિત્ર સ્પષ્ટ કર્યુ હતું.

અધિક મુખ્ય સચિવશ્રી અરવિંદ અગ્રવાલ, નાણાંના અગ્ર સચિવશ્રી એસ. અર્પણા, મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી અજય ભાદૂ તેમજ ઉચ્ચ શિક્ષણ કમિશનર, ટેકનીકલ એજયુકેશન સચિવ વગેરે આ બેઠકમાં ઉપસ્થિત રહયા હતા.

## અડાલજ માણેકબા અધ્યાપન મંદિરમાં શુભેચ્છા સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર અડાલજ સ્થિત શ્રીમતિ માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર ખાતે બીજા વર્ષની તાલીમાર્થી બહેનોને શુભેચ્છા સમારોહ યોજાયો હતો. કોલેજ સંકુલ ખાતે ગત ૧૬ એપ્રિલ ગુરૂવારના રોજ જિલ્લા શિક્ષણાધિકારીની ઉપસ્થિતિમાં શુભેચ્છા સમારોહ યોજવામાં આવ્યો હતો.

સમારોહમાં તાલીમાર્થી બહેનોને ભવિષ્ય માટે આશીર્વાદ આપવામાં આવ્યા હતા. જીવનમાં શિક્ષણને ચમકતુ રાખવા અને મહત્વ જાળવવા સુચનો કરાયા હતા. આ પ્રસંગે જાણીતા લેખક ભદ્રાયુ વચ્છરાજાનીએ સાંપ્રત સમયનું શિક્ષણ વિષય પર રસપ્રદ વકતવ્ય આપ્યું હતું. આ પ્રસંગે ટ્રસ્ટી એસ.કે. શાહ, નિયામક ફુલજીભાઈ, પ્રો. અમૃત ચૌધરી, આચાર્યા સુરેખા ચૌધરી સહિત વિવિધ વિભાગોના આચાર્યો અને તાલીમાર્થી બહેનો ઉપસ્થિત રહી હતી.

## વડોદરા ખાતે અરવિંદ શ્રી માતાજીના ગ્રંથો પર સેમિનાર યોજાશે

ગાંધીનગર, તા.૨૩

શ્રી અરવિંદ સોસાયટી, વડોદરા શાખા દ્વારા શ્રી અરવિંદ નિવાસ, દાંડીયા બજાર, વડોદરા ખાતે તા. ૨૫-૫-૨૦૧૫થી તા. ૩૧-૫-૨૦૧૫ દરમિયાન શ્રી અરવિંદ અને શ્રી માતાજીના ગ્રંથોનો પરિચય આપતો સાત દિવસનો અભ્યાસ વર્ગ યોજનાર છે. આ અભ્યાસ વર્ગમાં ભાગ લેવા ઈચ્છતા ધરાવનાર ભાઈઓ તથા બહેનોએ તેમના નામની નોંધણી રૂબરૂમાં તા. ૧૦-૫-૨૦૧૫ સુધીમાં શ્રી અરવિંદ કેન્દ્ર, સે-૨૩, ગાંધીનગર ખાતે કરાવવા જણાવ્યું છે. અભ્યાસ વર્ગ દરમિયાન રહેવા જમવાની સુવિધા તેમજ પોતાના વતનથી વડોદરા જવા આવવાનું બસ/રેલવે ભાડુ સંસ્થા તરફથી આપવામાં આવશે.

# દીકરાઓ...! ગમે તેટલી મુશ્કેલીઓ આવે, સહન કરી લેજો, પણ ઘડપણમાં મા-બાપને એક બીજાથી અલગ કરવાનું પાપ ક્યારેય ન કરશો... ભગવાન માફ નહિ કરે...

## સમાજ ચિંતન

**પોપટલાલ પ્રજાપતિ**

બચપણ, જવાની અને ઘડપણ એ જીંદગીના અનિવાર્ય તબક્કા છે. બચપણ અને ઘડપણને હુંફ, પ્રેમ અને સહાનુભૂતિની જરુર પડે છે. પણ યુવાનીમાં તમે જેને સૌથી વધુ પ્રેમ કર્યો હોય એ જ લોકો ઘડપણમાં ક્યારેક તમને વધુ તકલીફ પહોંચાડે છે. અંબાલાલ અને શાંતાબા મધ્યમવર્ગીય પરિવારમાં પણ સંતોષી જીવ હતા. સંતાનમાં ત્રણ દીકરા, પુત્રવધુઓ, એક પૌત્રી અને બે પૌત્રો. ત્રણે દીકરા વેલ સેટ, ઉચ્ચ મધ્યમવર્ગીય કહી શકાય તેવો પરિવાર. પણ પરિવારને આ ઊંચાઇએ લઇ જવામાં શાંતાબાએ મહેનત કરવામાં પાછું વળીને જોયું નથી. અંબાલાલને પણ એક મહત્ત્વાકાંક્ષા હતી, દીકરા સેટ થઇ જાય પછી બીજી ચિંતા જ ક્યાં છે? આખી જીંદગી ઢસરડા કર્યા છે. સંસ્કૃતિ અને સભ્યતાના પાઠ ભણાવી દીકરાઓને ઉચ્ચ અભ્યાસ કરાવી હવે પોતાની જવાબદારીમાંથી જાણે મુક્ત થયા હોય એવો આત્મસંતોષ તેઓ અનુભવી રહ્યા હતા. પોતાની ધર્મપત્નીને પણ કહેતા, હવે તારે જલસા જ જલસા, ત્રણ- ત્રણ પુત્રવધુઓ ઘરમાં હોય પછી તારે બે ટંક જમીને ભગવાનનું નામ જ લેવાનું છે ને? પરિવારની પળોજણમાં આખી જિંદગી ક્યાંક સાથે જાત્રા પણ કરી નથી હવે શાંતિથી ચારધામની યાત્રા કરીશું અને એકબીજાની હૂંફમાં ઘડપણ પુરું કરી નાખીશું. બંનેએ ગમે તેવા કપરાં સંજોગોમાં સમસ્યાઓનો બોજ એકલાએ વહન કર્યો છે. દીકરાઓને દુઃખનો અણસાર સરખો આવવા દીધો નથી. તેમની મહેનત અને ભાગ્યના ફળ સ્વરુપે દીકરાઓ પણ હવે સુખી છે. ઘેર કચરા-પોતાના કરવાવાળી કામવાળી પણ છે. પણ દીકરા અને પુત્રવધુઓ તો ૨૦મી સદીના ફરજંદો છે ને?

સમયની અસર ન વર્તાય તો જ નવાઇ? એકવાર કામવાળી અઠવાડિયાની રજા લઇને ગઇ. નાના દીકરાની વહુએ શાંતાબાને કહ્યું તમે ઘરે આખો દિવસ પડ્યાં પાથર્યા રહો છો એનાં કરતાં ઘરનું કામકાજ કરવામાં મદદ કરતા હોય તો અમારે કામવાળી ન રાખવી પડે ને? શાંતાબાના માથે જાણે કોઇએ હથોડાનો ઘા ઝીંક્યો, ઘડીભર તેમને આંખે અંધારા આવી ગયા. તેમણે કહ્યું વહુ બેટા, આખી જિંદગી વેઠ કરી કરીને આ શરીર હવે થાકી ગયું છે. મંદિરે જઇને આવું એમાંય રસ્તામાં બે વાર બેસવું પડે છે. ત્યાં ઘરનું કામ કેવી રીતે કરી શકું? પણ વહુએ જીદ પકડી કે જો તમારાથી આટલું કામ પણ ન થઇ શકતું હોય તો તમારા મોટા દીકરાને ત્યાં જાવ. એમના ઘરે બહુ સાહ્યબી છે ત્યાં આરામથી રહેજો. અને વહુએ પોતાના પતિના કાન ભંભેર્યા... આખી જિંદગી મા-બાપ બંનેને આપણે જ રાખવાના? સાસુ મારી એકલાની છે? પતિ-પત્ની વચ્ચે ગુફતેગુ, ચણભણ ચાલી, ઘણી રકઝક બાદ નિર્ણય લેવાયો, પપ્પા ભલે આપણી પાસે રહે, બાને મોટાભાઇને ત્યાં મોકલીએ. મા-બાપની જવાબદારી તો બધાંયની છે ને? મિલકત કોઇ થોડી છોડી દેવાના છે? દીકરાએ પોતાનો આ નિર્ણય પપ્પાને સંભળાવ્યો, પપ્પા, આટલી મોંઘવારીમાં પપ્પા-મમ્મી બંને એક જ ઘરે રહે એના કરતાં બંને વહેંચાઇ જાઓ તો કોઇને બોજારુપ ન થવાય. મમ્મીને મોટાભાઇને ત્યાં રહેવા મોકલીએ તો કેવું?

વર્તમાન યુગની એ બલિહારી છે કે પપ્પા-મમ્મી દીકરાઓ - વહુઓ આગળ પરવશ બની જાય છે. તેઓ આખી જીંદગી મારું ઘર, મારો પરિવાર કરીને એટલા કમજોર બની જાય છે કે દીકરાઓ આગળ કોઇ દલીલ કરી શકતા નથી. અંબાલાલનું મન ચગડોળે ચઢ્યું. અંબાલાલ આમ તો ભડ માણસ કહેવાતો, ગમે તેવા ચમરબંધી આગળ ઝીંક લઇ શકે, કદી હિંમત ન હારે તેવો, પણ એના શરીર પર પડેલી કરચલીઓએ જાણે એમને લાચાર બનાવી દીધેલા. આખી જિંદગી સુખે-દુખે પતિ-પત્ની સાથે રહ્યાં. હવે જયારે એકબીજાના હુંફની અને ખભાના ટેકાની જરુર પડવાની છે ત્યારે બંનેએ અલગ થઇ જવાનું? છતી પત્નીએ મારે વિધુર જેવી જિંદગી જીવવાની? તેમણે મોટા દીકરાને ફોન કર્યો, બેટા હું અને તારી મમ્મી બંને તારી સાથે રહેવા આવીએ છીએ. નાનકો તારી મમ્મીને રાખવાની ના પાડે છે. મોટાએ ચતુરાઇ પૂર્વક દંભી ગુસ્સો કરતાં કહ્યું, નાનકો ના શેનો પાડે? તમે ત્યાં જ રહો હું એને ખવડાવીશ. મા-બાપને રાખે એમાં કંઇ નવાઇ નથી કરતો. અંબાલાલના માથે ભલે ધોળા આવ્યા હોય પણ એમણે કંઇ સફેદ ડાઇ નહોતી કરી, તે સમજી ગયા. દીકરો સીધી રીતે નહિ પણ ચતુરાઇપૂર્વક એની મમ્મીને પણ રાખવાની અનિચ્છા દર્શાવે છે. એમણે વચેટ દીકરાને વાત કરી. વચેટ દીકરો પપ્પા કે મમ્મી બંનેમાંથી એકને રાખવા સંમત થયો. પપ્પા મારું ઘર નાનું છે ને? એટલે બંનેને નહિ ફાવે... અંબાલાલને સમજણ ન પડી, દીકરાઓની ચતુરાઇ પર ફિટકાર વરસાવવો કે એમના ચાતુર્યને બિરદાવવું... તેમણે પત્નીને કહ્યું, શાંતા, હવેથી તારે પતિની હાજરીમાં વૈધવ્ય પાળવાનું છે ને મારે પત્નીની હયાતીમાં વિધુરનું જીવન જીવવાનું છે. અને બંને સાથે મળી એકબીજાના ખભાને સહારે રડી લીધું. એમણે પેન્શન પણ મળતું ન હતું કે થોડી પણ ખુમારી બતાવી શકે... દીકરાઓનો નિર્ણય પતિ-પત્નીને ભગ્ન હૃદયે સ્વીકારવો પડ્યો.

પોતાની પત્ની માટે તાજમહેલ બનાવનાર પ્રેમાળ શાહજહાંને ખુદ પોતાના દીકરાએ છેલ્લે નજરકેદ બનાવી આઠ વર્ષ આગ્રાના કિલ્લામાં કેદ કર્યા હશે ત્યારે એ પ્રેમાળ પતિને કેટલી વેદના અનુભવી હશે? મુમતાજને ૧૪ સંતાનો હતા છતાં એક વિધુર પિતાને આ હાલત ભોગવવી પડી હતી. રાષ્ટ્રપિતા ગાંધી બાપુનો દીકરો હરિલાલ પણ ક્યાં બાપુના કહ્યામાં હતો? સંતાનોને સર્વસ્વ સમર્પિત કરી દેનાર મા-બાપો માટે ઇતિહાસ ઘણું બધું શીખવે છે... ખેર, અંબાલાલા નાના દીકરા સાથે અને શાંતા બા વચેટ દીકરા સાથે અલગ રહેવા લાગ્યા. વૃદ્ધ બેલડી અલગ થઇ ત્યારથી બંનેના જીવનમાંથી જાણે રસકસ ઉડી ગયો. જીવનની પ્રત્યેક ક્ષણ જામે મોતનો ઇંતેજાર કરતી હતી.

અંબાલાલ એકલા એકલા મનમાં મુંઝાતા, અકળાતા, ક્યારેક સુનમુન થઇ પથારીમાં પડ્યા રહેતા, જમવા પરથી મન ઊઠી જતું, જમવાની અનિચ્છા વ્યક્ત કરે તો પણ પુત્રવધુ કદી આગ્રહ કરતી નહિ - રાત પડે ને પત્નીની યાદ આવે, શરીર ભલે કમજોર બની જાય પણ લાગણીઓ અને પ્રેમ થોડો કમજોર બને? લાગણીઓ ક્યારેય વૃદ્ધ થતી નથી. સતત ટેન્શનમાં ક્યારેક નીંદર વેરણ બની જતી... ક્યારેક પગ લથડીયું ખાઇ જતા. જામે ધીમે ધીમે તેઓ મોત તરફ ધકેલાતા જઇ રહ્યાં હતા. આવી અસહાય પરિસ્થિતિમાં મનમાં ભાંગી પડેલો પુરુષ કેટલું સહન કરી શકે? છ જ મહિના બાદ એક વાર ભર નીંદરમાં અંબાલાલ સુતા એ સુતા પછી ક્યારેય ઉઠ્યા જ નહીં... રાત્રે ક્યારે એટેક આવ્યો તે કોઇને ખબર પણ ન પડી અને અંબાલાલ સ્વધામ પહોંચી ગયા.. શાતાંબાને સવારે આ સમાચાર પહોંચાડ્યા. અને શાંતાબા હૈયાફાટ રૂદન કરવા લાગ્યા... 'મને એકલી મૂકીને આમ અચાનક...' હજુ તો સુખદુઃખની ઘણી વાતો માંડવાની હતી. શરીરથી અલગ થયા પણ મન તો એક જ હતા ને? પણ શાંતાબાનું રૂદન જાણે અરણ્યરૂદન બની રહ્યું. પતિની વિદાયે શાંતાબાના સુખચેન હરી લીધા, સતત અજંપો, સત યાદ...' એમણે મને કેટલી યાદ કરી હશે? એમનું મન કેવું મુંઝાણું હશે? એમણે કેટલો વલોપાત કર્યો હશે?' બસ આ જ વિચારોમાં શાંતાબાએ પણ અન્ન જળનો ત્યાગ કર્યો... હવે મારે જીવીને શું કરવાનું? સગાંવહાલાએ આશ્વાસન આપવા ઘણા પ્રયત્નો કર્યા પણ ઠાલા આશ્વાસનોથી હૃદયના ઘા રૂઝાતા નથી. આપ્તજનની વિદાય વસમી બને પછી તમામ વૈદો, હકીમો હાથ ધોઇ નાખે છે. હૃદયમાં પડેલાં ઉઝરડાની કોઇ દવા તેમની પાસે હોતી નથી. અને શાંતાબાએ મગજ પરનો કાબુ ગુમાવ્યો અને એક જ મહિનામાં તેઓ પણ પતિના પગલે સપ્તપદિનો પાંચમો ફેરો ફરવા ચાલી નીકળ્યા. દીકરાઓ અને પુત્રવધુઓએ ભેગા મળી માતાની અંતિમ ક્રિયા કરી દાન-ધર્મ કર્યા. શાંતાબાને મોટો ફોટો ઘરમાં લગાવી સુખડનો હાર પહેરાવ્યો અને ઘરની બહાર નવી તકતી લગાવી.... 'માતૃ છાયા...'